# પ્રકરણ ૧૪ નિર્ણય પ્રક્રિયા અને લૂપિંગ રચનાઓ

૧ લિનક્ષ bash શેલ કેટલી નિર્ણય પ્રક્રિયાઓ લેવા માટેની સુચનાઓ પ્રદાન કરે છે ? કઈ કઈ ? :– ત્રણ 1 ) if- then-fi (2) if - then – else – fi (3) if- then- elif- else-fi (4) case-esac

૨ જો if આદેશનો સફળતાપ્રર્વક અમલ થાય તો કઈ સ્થિતિ રજુ કરવામાં આવે છે. :– શુન્ય (0) એટલે કે true

૩ જો if આદેશનો સફળતાપૂર્વક અમલ ન થાય તો કઈ સ્થિતિ રજુ કરવામાં આવે છે. :– એક (1)

૪ આર્ગ્યુમેન્ટ તરીકે અપાયેલી બે ફાઈલોની સરખામણી કરવા માટે કયા કમાન્ડનો ઉપયોગ કરવામાં આવે છે. :– cmp

૫ લિનક્ષ કમાન્ડ દ્વારા આપવામાં આવતી પ્રથમ આર્ગ્યુમેન્ટને શેમાં સંગ્રહે છે. :– $ 1

૬ લિનક્ષમાં કમાન્ડ લાઈન પરથી કુલ કેટલી સુચનાઓ આપી શકાય.:– $ 1 to $ 9

૭ લિનક્ષ કમાન્ડ લાઈન પરથી આપવામાં આવતી બીજી ત્રીજી ચોથી આર્ગ્યુમેન્ટને શેમાં સંગ્રહે છે. :– $2, $3, $4…..$9

૮ લિનક્ષ કમાન્ડ લાઈન પર આપવામાં આવતી કિંમતોને કયા નામે ઓળખવામાં આવે છે. :– કમાન્ડ લાઈન આર્ગ્યુમેન્ટ

૯ લિનક્ષમાં કયો આદેશ ફાઈલના સર્જનની તારીખ બતાવે છે. :– ls – l

૧૦ if વિધાન સાથે શરત કયા કૌંસમાં આપવામાં આવે છે. :– ચોરસ [ ]

૧૧ શેલ સ્ક્રિપ્ટમાં if શરતના ઉઘડતા ચોરસ કૌંસ પછી અને બંધ થતા ચોરસ કૌંસ ની આગળ શું આપવું ફરજિયાત છે. :– ખાલી જગ્યા

૧૨ If શરતમાં ચોરસ કૌંસની જગ્યા એ કયો આદેશનો ઉપયોગ કરી શકાય છે. :– test આદેશ

૧૩ શેલ સ્ક્રિપ્ટમાં if શરતનો અંત કયા વિધાન દ્વારા દર્શાવવામાં આવે છે.:– fi

૧૪ શેલ સ્ક્રિપ્ટમાં then ને હંમેશાં કોની નીચે ટાઈપ કરવું જોઈએ. :– if

૧૫ test આદેશ કયા પ્રકારના પરીક્ષણ કરી શકે છે. :– આંકડાકિય, શાબ્દિક અને ફાઈલ

૧૬ બે આંકડાઓ વચ્ચે સરખામણી કરવાની હોય ત્યારે કોનો ઉપયોગ કરવામાં આવે છે. :– આંકડાકિય પરિક્ષણ (Numerical Test)

૧૭ લિનક્ષમાં કયો પ્રક્રિયક (ઓપરેટર)થી મોટુ (greater than)પ્રકારની સરખામણી માટે ઉપયોગી છે. :– -gt

૧૮ લિનક્ષમાં કયો પ્રક્રિયક (ઓપરેટર)થી નાની(less than) પ્રકારની સરખામણી માટે ઉપયોગી છે. :– -lt

૧૯ લિનક્ષમાં કયો પ્રક્રિયક (ઓપરેટર)થી મોટુ અથવા સરખુ (greater than or equal to)પ્રકારની સરખામણી માટે ઉપયોગી છે. :– -ge

૨૦ લિનક્ષમાં કયો પ્રક્રિયક (ઓપરેટર)થી નાનુ અથવા સરખુ (less than or equal to)પ્રકારની સરખામણી માટે ઉપયોગી છે. :– -le

૨૧ લિનક્ષમાં કયો પ્રક્રિયક (ઓપરેટર)સરખું નહી (not equal to)પ્રકારની સરખામણી માટે ઉપયોગી છે. :– -ne

૨૨ લિનક્ષમાં કયો પ્રક્રિયક (ઓપરેટર)સરખું (equl to)પ્રકારની સરખામણી માટે ઉપયોગી છે. :– -eq

૨૩ લિનક્ષમાં જો ફાઈલ ઉપલબ્ધ હશે અને તેનું કદ શુન્ય કરતા મોટુ હશે તો test આદેશ સાથે કયા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે. :– –s અથવા (test –s)

૨૪ લિનક્ષમાં જો ફાઈલ ઉપલબ્ધ હશે અને ડિરેકટરી નહી હોય તો test આદેશ સાથે કયા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે. :– –f અથવા (test –f)

૨૫ લિનક્ષમાં જો ફાઈલ હયાત હશે અને ડિરેકટરી હશે તો test આદેશ સાથે કયા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે. :– –d અથવા (test-d)

૨૬ લિનક્ષમાં જો ફાઈલ હયાત હશે અને વાંચવાનો અધિકાર હશે તો test આદેશ સાથે કયા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે. :– –r અથવા (test- r)

૨૭ લિનક્ષમાં જો ફાઈલ હયાત હશે અને તેના પર લખવાનો અધિકાર હશે તો test આદેશ સાથે કયા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે. :– –w અથવા (test –w)

૨૮ લિનક્ષમાં જો ફાઈલ હયાત હશે અને ફાઈલનો અમલ કરવાનો તમને અધિકાર હશે તો testઆદેશ સાથે કયા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે. :– -x અથવા (test –x)

૨૯ copy.sh file1 file2 આદેશમાં સ્ક્રિપ્ટનું નામ શું છે. :– copy.sh

૩૦ copy.sh file1 file2 આદેશમાં ઉદગમ( source) ફાઈલ કઈ છે. :– file1

૩૧ copy.sh file1 file2 આદેશમાં ગંતવ્ય(target ) ફાઈલ કઈ છે. :– file2

૩૨ લિનક્ષ શેલ શરતની ચકાસણી કરતી વખતે કયા ત્રણ તાર્કિક પ્રક્રિયકોનો ઉપયોગ કરવાની છુટ આપે છે. :– 1 -a (AND) 2 -o (OR) 3 ! (NOT)

૩૩ કયા બે પ્રક્રિયક શરતની ચકાસણીમાં બે કે તેથી વધુ શરતોને ભેગી કરવા માટે ઉપયોગી છે. :– -a અને -o

૩૪ કોઈ પણ શરતના પરિણામને ઉલ્ટું કરવા કયા પ્રક્રિયકનો ઉપયોગ કરવામાં આવે છે. :– NOT

૩૫ શેલ સ્ક્રિપટમાં જયારે લોજિકલ અને રીલેશનલ ઓપરેટરનો સાથે ઉપયોગ કર્યો હોય ત્યારે કયા અગ્રતાક્રમ મુજબ કાર્ય થાય છે. :– તાર્કિક NOT, સંબંધ પ્રક્રિયક, તાર્કિક And, તાર્કિક Or

૩૬ શાબ્દિક સરખામણી કરવા માટે કયો આદેશ વાપરી શકાય. :– test

૩૭ શાબ્દિક સરખામણીની શરતો કેટલી છે. કઈ કઈ :– પાંચ (1) string1 = string2 (2) string1 ! = string2 (3) –n string (4) –z string (5) string
૩૮ કયો પ્રક્રિયક ઉચ્ચત્તમ અગ્રતાક્રમ ધરાવે છે. :– ! (NOT)
૩૯ કયો પ્રકિંયક અગ્રતાક્રમની દ્રષ્ટિએ સૌથી પાછળ છે. :– -o ( Or)
૪૦ આપેલ શબ્દો સમાન છે કે નહી તે ચકાસવા test આદેશ સાથે કયા વિકલ્પનો ઉપયોગ થશે. :– string1 = string2
૪૧ આપેલ શબ્દો અસમાન છે કે નહી તે ચકાસવા test આદેશ સાથે કયા વિકલ્પનો ઉપયોગ થશે. :– string1 ! = string2
૪૨ આપેલ શબ્દો ની લંબાઈ શુન્ય કરતા મોટી છે કે નહી તે ચકાસવા test આદેશ સાથે કયા વિકલ્પનો ઉપયોગ થશે. :– –n string
૪૩ આપેલ શબ્દની લંબાઈ શુન્ય છે કે નહી તે ચકાસવા test આદેશ સાથે કયા વિકલ્પનો ઉપયોગ થશે. :– –z string
૪૪ આપેલ શબ્દ ખાલી શબ્દ છે કે નહી તે ચકાસવા test આદેશ સાથે કયા વિકલ્પનો ઉપયોગ થશે. :– string
૪૫ જયારે એક પછી એક ઘણા બધા વિકલ્પોના જુથની જરૂર હોય ત્યારે if નું કયુ સ્વરૂપ વપરાય છે. :– if-then-elif-then-else-fi
૪૬ કોઈ ચૌક્કસ શરતના આધારે વિધાનો ના ઉપયોગ કરવા માટે કયું વિધાન વાપરી શકાય છે. :– if
૪૭ જયારે એક કરતા વધુ વિકલ્પોની ચકાસણી કરવાની હોય અને દરેક શરતના અનુંસંધાને કોઈ ચૌક્કસ કાર્ય કરવું જરૂરી હોય ત્યારે કયા આદેશ નો ઉપયોગ કરવામાં આવે છે. :– case
૪૮ Case વિધાનનો અંત કયા કી વર્ડ દ્વારા દર્શાવવામાં આવે છે. :– esac
૪૯ Case વિધાનમાં કયું ચિન્હ ન મળે ત્યાં સુધી વિભાગમાં આપવામાં આવેલ બધા વિધાનોનો અમલ કરવામાં આવે છે. :– ; ;(બે અર્ધવિરામ ચિન્હ)
૫૦ લિનક્ષમાં આદેશને કયું ચિન્હ લાગુ પડે છે. :– ; ;
૫૧ જો ઉપયોગકર્તા કોઈ અનપેક્ષિત કિંમત દાખલ કરે તો case વિધાનમાં વિકલ્પ તરીકે શું દર્શાવી શકાય. :– * (Asterisk)
૫૨ ઉપયોગકર્તા અનઅપેક્ષિત કિમંત દાખલ કરે તો case વિધાનમાં વિકલ્પ તરીકે * દર્શાવવું કેવું છે. :– ફરજિયાત નથી
૫૩ case વિધાનમાં અનઅપેક્ષિત નિવેશ કિંમતોના કિસ્સાને સંભાળવા માટે કોનો ઉપયોગ કરવામાં આવે છે. :– *
૫૪ case રચનામાં કયો અક્ષર પૂર્વનિર્ધારિત રજુ કરે છે. :– *
૫૫ ઉપયોગકર્તાની હોમ ડિરેકટરીમાં રહેલ હિડન(અદ્દશ્ય) ફાઈલોને જોવા કયો આદેશ છે. :– ls -q
૫૬ ઉપયોગકર્તાની હોમ ડિરેકટરીમાં રહેલ Executable ફાઈલોની યાદી મેળવવા માટે કયો વિકલ્પ દર્શાવવાની સવલત છે. :– ls-x
૫૭ આદેશના કોઈ સમુહને વારંવાર અમલમાં મુકવાની પ્રક્રિયાને શું કહેવાય છે. :– લૂપિંગ (looping)
૫૮ લિનક્ષ શેલ કયા ત્રણ પ્રકારના લુપ વિધાન આપે છે. :– for, while, until
૫૯ કયા પ્રકારનું લૂપ તેના વિધાનમાં કિંમતોની યાદી દર્શાવવાની છૂટ આપે છે. :– for
૬૦ for લૂપ માટેની સાચી વાકયરચના કઈ છે. :– for control-variable in value1, value2, value3

```
Do
    command1
    command2
    command3
done
```

૬૧ forવિધાનમાં દર્શાવેલ દરેક કિંમત માટે લૂપમાં કોની વચ્ચે લખેલ તમામ વિધાનો નો અમલ કરવામાં આવશે. :– do અનેdone
૬૨ કયા પ્રકારનું લૂપ જયાં સુધી શરત સાચી ઠરે ત્યાં સુધી વિધાનોનો અમલ કરે છે. :– while
૬૩ લૂપમાં કોની વચ્ચે રહેલી સુચનાઓનો સમુહનો ત્યાં સુધીજ પુનરાવર્તિત અમલ કરવામાં આવશે કે જયાં સુધી આપવામાં આવેલી શરત સાચી ઠરે. :– do અનેdone
૬૪ while લૂપ માટેની સાચી વાકયરચના કઈ છે. :–

```
while [test_condition]
do
    commands…..
done
```

૬૫ કયા પ્રકારનું લૂપ જયાં સુધી શરત ખોટી હોય ત્યાં સુધી અમલ કરે છે. :– until
૬૬ લૂપિંગ વિધાનોમાં આદેશની બહાર નિકળવા માટે કયું ચિન્હ વપરાય છે. :– $?
૬૭ લુપિંગ વિધાનોમાં આદેશની બહાર નિકળવા માટે વપરાતો આદેશ $? સફળતાપૂર્વક નહિં ચાલ્યો હોય તો તેની કિંમત શું હોય છે. :– 1
૬૮ લુપિંગ વિધાનોમાં આદેશની બહાર નિકળવા માટે વપરાતો આદેશ $? સફળતાપૂર્વક ચાલ્યો હોય તો તેની કિંમત શું હોય છે. :– 0 (Zero)
૬૯ until માટેની સાચી વાકયરચના કઈ છે. :–

```
until [test_condition]
do
    commands…..
done
```

૭૦ until લૂપ કયા લૂપને મળતી આવે છે. :– while